# શ્રી ગોવિંદ ગુરૂ યુનિવર્સિટી
## (ગુજરાત એક્ટ નં. ૨૪/૨૦૧૫ દ્વારા સ્થાપિત)
## Shri Govind Guru University
## ( Established vide Gujarat Act No. 24/2015)


સરકારી પોલિટેકનીક કેમ્પ્સ — Government Polytechnic Campus

ગદુક્પુર, ગોધરા — Gadukpur,Godhra

જિલ્લો પંચમહાલ પિન કોડ 389001 — Dist. Panchmahals Pin Code 389001


## બી. એડ્. અભ્યાસક્રમ ઓનલાઈન પ્રવેશની જાહેરાત

### શૈક્ષણિક વર્ષ ૨૦૧૬ – ૨૦૧૮

શ્રી ગોવિંદ ગુરુ યુનિવર્સિટી સંલગ્ન સરકારી, અનુદાનિત અને સ્વ-નિર્ભર બી. એડ્. કોલેજોમાં NCTE REGULATION – 2014 અંતર્ગત બે વર્ષીય બી. એડ્. અભ્યાસક્રમ માટે પ્રવેશ મેળવવા ઇચ્છતા ઉમેદવાર કે જેમણે યુ.જી.સી.એ માન્ય કરેલ કોઈપણ વૈધાનિક યુનિવર્સિટીની ૧૦+૨+૩ની તરાહમાં વિનયન, વાણિજ્ય અને વિજ્ઞાનના વિષયોમાં સ્નાતક અને/અથવા અનુસ્નાતક પદવી પરીક્ષામાં કુલ ગુણના ઓછામાં ઓછા ૫૦% ગુણ જયારે ઇજનેરીની કે તકનિકીની વિજ્ઞાન અને ગણિત વિષયમાં સ્પેશ્યલાઈઝેશન સાથે સ્નાતકની પદવી પરીક્ષામાં ૫૫% ગુણ મેળવી પાસ કરનાર ઉમેદવાર (S.C., S.T. ઉમેદવાર માટે આ લાયકાતમાં ૫% ગુણની છૂટછાટ રહેશે.) પાસેથી ઓનલાઈન આવેદનપત્રો ભરવાની અને ભરેલ આવેદનપત્ર નિયત થયેલ નોડલ કોલેજ / સેન્ટર ખાતે જમા કરાવવાની તારીખ ૨૨/૦૬/૨૦૧૬સુધી નિયત કરવામાં આવેલ હતી, જે ખાસ કરીને પંચમહાલ, મહીસાગર, દાહોદ, છોટાઉદેપુર, અને વડોદરા જિલ્લાના વિદ્યાર્થીઓ બી. એડ્. અભ્યાસક્રમમાં પ્રવેશથી વંચિત ન રહે તે હેતુથી તારીખ ૦૨/૦૭/૨૦૧૬ સુધી લંબાવવામાં આવે છે.

બી. એડ્. અભ્યાસક્રમ માટેની માહિતી પુસ્તિકા અને PIN નંબરનુ વિતરણ રૂ. ૩૦૦/- ની પ્રોસેસિંગ ફી સહિતની કિંમતે યુનિવર્સિટીએ માન્ય કરેલ સ્ટેટ બેંક ઓફ ઇન્ડિયા (SBI) ની પંચમહાલ, મહીસાગર, દાહોદ, છોટાઉદેપુર, અને વડોદરા જિલ્લામાં આવેલી શાખાએથી માત્ર રોકડેથી રૂબરૂમાં જ તારીખ ૦૨/૦૭/૨૦૧૬ સુધી (રજાના દિવસો સિવાય) બેંકના કામકાજના સમય દરમિયાન મેળવી શકાશે.

તમામ કેટેગરીના ઉમેદવારોએ ઓનલાઈન ભરેલ અરજીપત્રકની પ્રિન્ટઆઉટ જરૂરી પ્રમાણપત્રોની સ્વપ્રમાણિત નકલ સાથે પ્રવેશ પુસ્તિકામાં છાપેલ સૂચના અનુસાર શ્રી ગોવિંદ ગુરૂ યુનિવર્સિટી દ્વારા નિયત થયેલ નોડલ કૉલેજ / સેન્ટર (નીચે દર્શાવ્યા મુજબ) ખાતે તારીખ ૦૨/૦૭/૨૦૧૬ ના સાંજે ચાર વાગ્યા સુધીમાં જમા કરાવવાના રહેશે.

| | |
|---|---|
| શ્રી સાર્વજનિક કૉલેજ ઓફ એજ્યુકેશન, સિવિલ લાઈન્સ રોડ, ગોધરા. જિ. પંચમહાલ. | ફોન : ૦૨૬૭૨-૨૪૨૩૧૮ |
| શ્રી શેઠ મો. ના. કોન્ટ્રાકટર કૉલેજ ઓફ એજ્યુકેશન, બસ- સ્ટેન્ડ પાસે, ડભોઇ. જિ. વડોદરા. | ફોન : ૦૨૬૬૩-૨૫૫૧૫૪ |
| શ્રી પી.એન. પંડ્યા આર્ટ્સ , શ્રી એમ. પી. પંડ્યા સાયન્સ એન્ડ શ્રી ડી. પી. પંડ્યા કોમર્સ, કોલેજ, સંતરામપુર રોડ, લુણાવાડા, જિ. મહીસાગર. | ફોન : ૦૨૬૭૪-૨૫૦૮૦૬ |
| જે. એન્ડ આર. બી.એડ્. કોલેજ નવજીવન કોલેજ કેમ્પસ, ઝાલોદ રોડ, દાહોદ. | ફોન : ૦૨૬૭૩-૨૬૮૮૮૫ |
| શેઠ ટી. સી. કાપડીયા આર્ટ્સ એન્ડ કોમર્સ કોલેજ, બોડેલી. જિ. છોટાઉદેપુર. | ફોન : ૦૨૬૬૫-૨૨૧૩૦૧ |
| જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન, અનાવિલ ભવન પાસે, કારેલી બાગ, વડોદરા. | ફોન : ૦૨૬૫-૨૪૬૪૩૯૭ |

બી. એડ્. પ્રવેશ અંગેની વિગતવાર માહિતી યુનિવર્સિટીની વેબસાઈટ: www.sggu.ac.in પરથી મળી શકશે. અધુરી વિગતવાળું અરજીપત્રક કોઈપણ સંજોગોમાં સ્વીકારવામાં આવશે નહિ.

સ્થળ : ગોધરા

તા. ૧૭/૦૬/૨૦૧૬

કો- ઓર્ડીનેટર

બી. એડ્./ એમ. એડ્.

મધ્યસ્થ પ્રવેશ સમિતિ